ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૭ ટકા

# જય અંબે પરિવાર દ્વારા બાળા-બટુક પૂજન કરાયું



ગાંધીનગર, તા.૧૪

નવરાત્રિ એટલે માત્ર રાસ ગરબા નહી પરંતુ આદ્યશકિત મા જગદંબાની આરાધના કરવાનું એક આધ્યાત્મિક પર્વ છે. જેમાં શકિતની ઉપાસનાનું અનેરું મહત્વ રહેલું છે. આજ રીતે નવરાત્રિમાં બાળા પૂજન અને બટુક પૂજન પણ મહત્વ ધરાવે છે. ગાંધીનગરના સે-૧૩માં જય અંબે પરિવાર દ્વારા નવરાત્રિ નિમિત્તે બાળા પૂજન તથા બટુક પૂજન યોજવામાં આવ્યું હતું.

નવદુર્ગા એટલે મા જગદંબાના નવ સ્વરૂપો જેની નવરાત્રિ દરમિયાન આરાધના કરવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન નાની કુમારિકાઓનું પૂજન એ નવદુર્ગાના પૂજન સમાન ગણાય છે. આજ રીતે નાના બટુકો જેમની ઉંમર ૫ થી ૧૧વર્ષ સુધીની હોય છે તેમની પણ પૂજા કરવામાં આવે છે. ગાંધીનગરના સે-૧૩માં પ્રસિધ્ધ જય અંબે પરિવાર દ્વારા ચંડિપાઠમાં જેનું મહત્વ દર્શાવ્યું છે તે મુજબ નવદુર્ગા પુજન હાથ ધરાયું હતું. જેમાં નવકુમારીકા અને નાના બટુકોનું પૂજન કરાયું હતું.

## ‘સ્વર ધડકન’ માટે ૫૦થી વધુ વયના વડિલોએ ગાયકી અજમાવી

**તા. ૨૦મીએ યોજાનારા કાર્યક્રમ માટે ઓડિશન્સ યોજાયા : શહેરના ૬૦થી વધુ વડિલોએ ઓડિશન્સ આપ્યા : મહિલાઓ સહિત**

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં નવરાત્રિના માહોલ વચ્ચે આજે સે-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે ફિલ્મી ગીતોના સ્વર ગૂંજી ઉઠયા હતા. આગામી તા. ૨૦મી ઓકટોબરે યોજાનારા અનોખા કાર્યક્રમ ‘સ્વર ધડકન’ માટે આજે ઓડિશન યોજાયા હતા. જેમાં શહેરના ૬૦થી વધુ વડિલોએ પોતાની ગાયકીનો હુન્નર પ્રસ્તુત કર્યો હતો.

ગુજરાતી રાજય સંગીત નાટક અકાદમી અને ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટીસ્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે હેત ફાઉન્ડેશન આયોજિત મ્યુઝિકલ નાઈટ તા. ૨૦મી ઓકટોબરે રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાનાર છે. આ મ્યુઝિકલ નાઈટ એક અનોખો નવતર પ્રયોગ છે. જેમાં શહેરના ૫૦ વર્ષથી વધુની વય ધરાવતા વડિલો જેમને ગાવાનો શોખ છે તેમને મંચ પુરુ પાડવાના ઉદ્દેશથી યોજવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં સામેલ થવા માટે આજે ઓડિશન યોજવામાં આવ્યા હતા. જે માટે કુલ ૬૮ રજીસ્ટ્રેશન સંસ્થાને પ્રાપ્ત થયા હતા. જે પૈકી ૬૨ વડિલોએ પોતાનું ઓડિશન આપ્યું હતું. આ વડિલોમાં મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર રહી હતી. તમામ ગાયક ગાયિકાઓ જેઓ કોઈ નિયમિત કલાકાર નથી પરંતુ માત્ર સંગીતના શોખના લીધે પોતાના ઘરે ગાતા હોય તેમને કરાઓકે ટ્રેક સાથે ગાવાની તક આ કાર્યક્રમ થકી આપવામાં આવી રહી છે. શહેરના અનેક વડિલો જેમાં નિવૃત્ત થયેલા સરકારી કે અર્ધસરકારી અધિકારીઓ, બેંક કર્મચારીઓ વગેરેનો સમાવેશ થાય છે જેઓ ઓડિશન આપવા પહોંચ્યા હતા અને ૫૦થી વધુ અંદાજે ૮૦ વર્ષ સુધીની આયુ ધરાવતા વડિલોએ ઓડિશન આપ્યા હતા. આ વડિલોએ હિન્દી ફિલ્મી ગીતો જેમાં મોટે ભાગે જૂના ગીતો અને સાથે કેટલાક ગુજરાતી ગીતો પણ ગાયા હતા. આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા કરાઓકે આર્ટીસ્ટ એસોસિએશનના પ્રમુખ તથા ગઈકાલે જ રેકોર્ડ સર્જનાર તુષાર ત્રિવેદીએ ઓડિશન લીધા હતા જેમાંથી પસંદગી પામનાર કલાકારોને તા. ૨૦મી ઓકટોબરે લાઈન ગાવાની તક પ્રાપ્ત થશે.

### વિક્રમી ગાયક તુષાર ત્રિવેદીએ ઓડિશન લીધા

ઓડિશન લેવા માટે આવી પહોંચેલા કરાઓકે આર્ટિસ્ટ એસો.ના પ્રમુખ તુષાર ત્રિવેદીએ ગઈકાલે જ અમદાવાદ ખાતે સળંગ ૧૨ કલાક ગાવાનો વિક્રમ સ્થાપ્યો હતો. જેમાં તેમણે સૌથી વધુ ૧૪૨ ગીતો ગાવાનો પણ વિક્રમ ઈન્ડિયા રેકોર્ડસ બુકમાં નોંધવામાં આવ્યો છે. અગાઉ આ રેકોર્ડ જાણીતા ગાયક મુન્નાર શાહના નામે હતો જેમણે ૧૨ કલાકમાં ૧૨૩ ગીત ગાયા હતા જેને તુષાર ત્રિવેદીએ ૧૦ કલાકમાં જ ઓવરટેક કર્યો હતો.

### સે-૨૪ શ્રીનગરમાં બાળકોએ ‘ગબ્બર ગોખ’ બનાવ્યો



નવરાત્રિમાં બાળકોનો ઉમંગ પણ હૈયે ઉભરાતો જોવા મળે છે. શહેરના સેકટર-૨૪માં શ્રીનગર હાઉસિંગ બોર્ડ ખાતે સનેડો નવરાત્રિ મંડળ દ્વારા આયોજિત શેરી ગરબા મહોત્સવ ખાતે બાળકોએ ગબ્બર બનાવી તેને લાઈટીંગથી સજાવ્યો છે અને ગબ્બર ગોખમાં અંબે માતાનું સ્થાપન કરી બાળકો દરરોજ પૂજા આરતી પણ કરી રહ્યા છે.

## સે-૧૨માં “ઉમા સમાજ ભવન” ખાતે “મેગા રક્તદાન શિબિર”નું આયોજન

**“હેપ્પી યુથ ક્લબ” દ્વારા ઉમિયા માતાજી સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે**
**મહાન રાષ્ટ્રપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને સ્મરણાંજલિના ભાગ રૂપે “મેગા હેપ્પી રક્તદાન શિબિર”નું આયોજન**

ગાંધીનગર, તા. ૧૪

“હેપ્પી યુથ કલબ” અંતર્ગત ગાંધીનગરના સેવાભાવી યુવાનો છેલ્લાં અઢી વર્ષથી પર્યાવરણ, આરોગ્ય, માનવસેવા, સામાજિક જાગ્રુતિ, દેશભક્તિ, જીવદયા, મહિલા સશક્તિકરણ તથા યુવા પ્રવ્રુતિઓ માટે કાર્યરત છીએ. “હેપ્પી યુથ કલબ”ના યુવા સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ, રકતદાન શિબિર, વ્યસન મુક્તિ અભિયાન, સ્વચ્છતા ઝુંબેશ, બર્ડ્-રેસ્ક્યુ, જરૂરિયાતમંદોને મદદ, પુરપિડિતોને રાહતસેવા, શિયાળામાં ગરીબોને હૂંફ માટે ગરમ વસ્ત્રદાન, ગરીબ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને નોટબુક-ચોપડા વિતરણ, રથયાત્રા સાથે જળ-વિજળી બચાવવા તથા પ્લાસ્ટિકના દુરૂપયોગને અટકાવવા જન જાગ્રુતિ, શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ, મહિલા સ્વાસ્થ્ય જાગ્રુતિ સેમિનાર્સ, સાયબર ક્રાઈમ અવેર્નેસ, નિઃશુલ્ક આયુર્વેદિક સર્વ-રોગ નિદાન-સારવાર કેમ્પ,મતદાતા જાગ્રુતિ રેલી તથા ચકલીઘર અને પાણીના કુંડાનું વિતરણ જેવી અને વિવિધ સેવાકિય તથા સમાજોપયોગી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

“હેપ્પી યુથ ક્લબ” દ્વારા ઉમિયા માતાજી સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે તા.૨૦મી ઓક્ટોબર, ૨૦૧૮ શનિવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧.૦૦ વાગ્યા દરમિયાન ગાંધીનગરના સેક્ટર-૧૨માં ઉમિયા માતાજીનાં મંદિરે “ઉમા સમાજ ભવન” ખાતે “મેગા હેપ્પી રકતદાન શિબિર”નું આયોજન કરવામાં આવ્યું છે. આ “મેગા હેપ્પી રકતદાન શિબિર”માં રકત એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવશે જે રકત સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. આ “હેપ્પી રકતદાન શિબિર”નો હેતુ યુવાનો સહિત જાહેર જનતામાં મહાન રાષ્ટ્રપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે સન્માન અને ગર્વ સાથે તમને સ્મરણ કરવાનો છે. આ રક્તદાન શિબિરમાં અંદાજે ૧૦૦ જેટલા રક્તદાતાઓ રક્તદાન કરશે અને આયોજનમાં અનેક સેવાભાવી યુવાનો જોડાશે. આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે “રક્તદાતા પ્રોત્સાહન કિટ” આપી સન્માનીત કરવામાં આવશે.

## શહેરમાં રાત્રી નાસ્તાની બોલબાલા

ગાંધીનગર શહેરમાં નવરાત્રી દરમિયાન રાત્રી નાસ્તાનો નજારો જામે છે. ગરબે ઘુમીને થાકી ગયેલા ખૈલેયાઓ રાત્રી દરમિયાન ફાફડા-જલેબીની જયાફત માણે છે. શહેરમાં માત્ર ગણીગાંઠી જગ્યાએ રાત્રી સમયે ગરમાગરમ નાસ્તો મળતા સ્વાદના શોખીનોની ભીડ જામે છે. જયારે નવરાત્રીના ગરબા બાદ નાસ્તાનો વેપાર મોટી સંખ્યામાં હોવાથી વેપારીઓને બખ્ખા પડી ગયા છે. જયારે શહેરના સે-૨૨ , ઘ-૨ કોર્નર, સે-૪ માં નવરાત્રી બાદ રાત્રે ખાણીપીણી બજારનો માહોલ ઉભો થાય છે. તો બીજી તરફ સોસાયટી તેમજ શેરી ગરબામાં પણ રોજ ગરમા ગરમ ગોટા, પાપડી, બટાકા પૌંવા, સમોસા, દાબેલી, વડાપાવ, પફ, ફાફડા-જલેબી સહિતનો નાસ્તો આયોજકો દ્વારા ખૈલેયાઓ દ્વારા રાખવામાં આવે છે.

## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા છઠ્ઠા નોરતે આષિતા પ્રજાપતિ અને અમિત પ્રજાપતિ ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં વર્ષા વણઝારા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ભાણાભાઈ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવાશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે શીતલ પટેલ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં રોક સ્ટાર મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ છઠ્ઠના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન જશીબેન ચૌહાણ પ્લોટ નં. ૫૨૧/૧, સે-૩-સી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા શહેરના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો દ્વારા સ્વ હસ્તે બનાવેલ નવરાત્રી ગબ્બરની મુલાકાત લઈ બાળકોને પુરસ્કૃત કરવામાં આવશે.

● ગુજરાત રાજય બોર્ડ નિગમ અને સરકારી સાહસોના કર્મચારીઓ દ્વારા બપોરે ૨ કલાકે સુત્રોચ્ચાર કાર્યક્રમ એસ.ટી. ડેપો ગાંધીનગર ખાતે યોજાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ સે-૨૬ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● વૈષ્ણવ સમાજ દ્વારા ફેટ એનાલિસિસ કેમ્પ ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે યોજાશે.

## સારાંશ ફાઉન્ડેશન દ્વારા ‘ડિસ્લેક્ષીયા અવેરનેસ વીક’ની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા.૧૪

દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરની સહાય અંતર્ગત વિશિષ્ટ બાળકો માટે કાર્યરત સારાંશ ફાઉન્ડેશન દ્વારા ઓકટોબરના પ્રથમ સપ્તાહને ‘ડિસ્લેક્ષીયા અવેરનેસ વીક’ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

સપ્તાહ દરમિયાન યોજાયેલ વિવિધ કાર્યક્રમો અંતર્ગત ‘ગો ગ્રીન ફોર ડિસ્લેકિસયા’, ‘નો પેન્સ ડે’, ‘ફન ફેર’, ‘સુપર સેલ ફોર ડિસ્લેકિસયા’ જેવા વિવિધ સર્જનાત્મક વૃત્તિ ધરાવતા કાર્યક્રમ યોજાયા હતા. ૪ ઓકટોબર ડિસ્લેકિસયા ડે તરીકે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસે ડિસ્લેકિસયા કન્સલ્ટન્ટ મનોબીન ચક્રબર્તી દ્વારા શિક્ષકો માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે અતનુ રથે (પ્રાચાર્ય દિલ્હી પબ્લિક સ્કુલ) સમાંતર ધારામાં આ વિશિષ્ટ અવસ્થાને સમજીને વિદ્યાર્થીઓને સહાય કરવાની શિક્ષકોને અપીલ કરી હતી.

## જીટીયુના મિડીયા કન્વીનરને દુર કરવા એનએસયુઆઈની માંગ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષથી હંગામી ધોરણે મિડીયા કન્વીનર તરીકે બીજેપી યુવા કાર્યકર ફરજ બજાવી રહ્યા છે. જીટીયુમાં મિડીયા કન્વીનર તરીકે ફરજ બજાવતો કાર્યકર વેજલપુર યુવા ભાજપનો પ્રમુખ છે તેવો આક્ષેપ એનએસયુઆઈ દ્વારા કરાયો છે. જયારે આ કન્વીનરને જીટીયુમાંથી તાત્કાલીક અસરથી દુર કરાવામાં આવે તેવી માંગ સાથે એનએસયુઆઈએ જીટીયુના વાઈસ ચાન્સેલરને આવેદન પત્ર આપી રજુઆત કરી છે. જીટીયુના મિડીયા કન્વીનર પદેથી કાર્યકરને બરતરફ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી એનએસયુઆઈના કાર્યકરોએ ઉચ્ચારી છે.

એનએસયુઆઈના ગુજરાત પ્રદેશ પ્રવકતા સુધીર રાવલ અને પ્રદેશ મહામંત્રી અમિત પારેખ જણાવે છે કે સરકારના નિયમ અનુસાર કોઈપણ રાજકીય પક્ષનો સભ્ય કે કાર્યકર સરકારી સંસ્થાઓમાં કાયમી કે હંગામી ધોરણે નોકરી કરી શકે નહી. સરકારના નિયમોનું ઉલ્લંઘન ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે કાર્યકર છેલ્લા બે વર્ષથી વેજલપુર યુવા ભાજપ તરીકે કાર્યરત છે.તેમ છતા તે ૧૧ માસના કરાર આધારીત જીટીયુમાં મિડીયા કન્વીનર તરીકે ફરજ બજાવી રહ્યા છે. ભાજપનો પ્રચાર પ્રસાર કરતા યુવા નેતાના ફોટોગ્રાફ અને વિડીયો પણ એનએસયુઆઈ પાસે છે. જીટીયુના મિડીયા કન્વીનર પદ પરથી હટાવવા એનએસયુઆઈએ માંગ કરી વીસીને આવેદન પત્ર પાઠવ્યું છે. તેમજ જીટીયુ દ્વારા મિડીયા કન્વીનર પદ પરથી આ કાર્યકરને બરતરફ નહીં કરવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.


## શત્રુહર્તા મા કાત્યાયનીનું આજે છઠ્ઠા દિવસે પૂજન અર્ચન

**વ્રજ મંડળની અધિષ્ઠાત્રી મા કાત્યાયનીનું પૂજન કુંવારી કન્યાઓ કરે તો તેમનો વિવાહ જલ્દી થાય છે : માતાજીને પ્રસાદમાં મધ ધરાવાય છે**

ગાંધીનગર, તા.૧૪

મા દુર્ગાના નવ સ્વરૂપોનું વર્ણ દેવી કવચમાં કરવામાં આવ્યું છે. નવરાત્રી દરમિયાન દેવી કવચ કરવામાં આવે તો મા જગદંબાનું અખંડ રક્ષણ જે તે સાધક પાસે રહે છે. વધુમાં સંસારના વિવિધ સંકટો અને તેના નિવારણનો એક માત્ર ઉપાય મા જગદંબાનું શરણ હોવાનું શાસ્ત્રો જણાવી રહ્યા છે. નવરાત્રીના આજે છઠ્ઠા દિવસે મા કાત્યાયનીના સ્વરૂપનું પૂજન અર્ચન કરવામાં આવશે. મા કાત્યાયની એ મહર્ષિ કાત્યાનના ત્યાં પુત્રી રૂપે અશ્વિન કૃષ્ણ ચર્તુદશીએ જન્મ લઈ શુકલ સપ્તમી, અષ્ટમી અને નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન ઋષિની પૂજા કરી દશમીએ મહિષાસુરનો વધ કર્યો હતો. મા કાત્યાયની સિંહ ઉપર સવાર હોય છે. ચાર ભૂજાધારી અને સુસજજીત આભા મંડળની દેવી તરીકે પૂજાય છે. માતાજીના સ્વરૂપનું વર્ણન કરીએ તો માતાજીના ડાબા હાથમાં કમળ અને તલવાર જયારે જમણા હાથમાં સ્વસ્તિક અને આશીર્વાદની મુદ્રા છે. મા ભગવતીના આ સ્વરૂપની ભકિત અને ઉપાસનાથી મનુષ્યને સરળતાથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. વળી ભૂમિલોકમાં હોવા છતાં અલૌકિક તેજ અને પ્રભાવથી યુકત બને છે અને શત્રુ ઉપર વિજય પ્રાપ્ત થાય છે.

ભગવાન કૃષ્ણને પતિ રૂપે પામવા વ્રજની ગોપીઓએ કાલિન્દી-યમુના તટ ઉપર માતાજીની આરાધના કરી હતી. જેથી મા કાત્યાયની વ્રજમંડળની અધિષ્ઠાત્રીના રૂપે પણ પૂજાય છે. વધુમાં આ સ્વરૂપના પૂજનથી કુંવારી કન્યાના વિવાહ જલ્દીથી થતા હોય છે અને શ્રેષ્ઠ જીવનસાથી પ્રાપ્ત થાય છે. માના આ સ્વરૂપનો જન્મ આસુરી શકિતઓનો નાશ કરવા જ થયો હતો જેમાં શંભુ અને નિશંભુ રાક્ષસોનો સંહાર કરી માએ આ જગતની રક્ષા કરી હતી. જેથી માતાજીને પ્રસન્ન કરવાવાળા આ પર્વમાં અનેક શ્રેષ્ઠ વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિ કરવાનું મહત્વ છે અને જેનાથી માનવજીવનમાં સુખ-શાંતિ રહે છે અને અનેક પ્રકારના દુઃખોથી મુકત બનાય છે.



## શહેરમાં યોજાશે ‘મેરી આવાઝ સુનો’ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં ‘મેરી આવાઝ સુનો’ નામક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ગાયકોને સ્ટેજ પૂરું પાડવામાં આવશે.

આગામી ડિસેમ્બર માસમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે. તેમાં ભાગ લેવા ઈચ્છુક મિત્રોએ તા. ૩૧મી ઓક્ટોબર સુધીમાં ફોર્મ મેળવી, ભરીને પરત આપી દેવાનાં રહેશે.

આ અંગેની વધુ માહિતી માટે આર કે રાવળ (૯૫૭૪૬ ૨૬૮૦૩), ભરતભાઈ વાણિયા અથવા અજિતસિંહ પરમાર (૯૮૭૯૦૯૯૮૪૪)નો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.